ગાંધીનગર સમાચાર

# મુંબઈ જળબંબાકાર : જનજીવન ખોરવાયું









મુંબઈ,તા. ૧૯

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે આજે મોટાભાગના વિસ્તારોમાં જળબંબાકાર થઈ ગયા હતા અને જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. ભારે અરાજકતાની સ્થિતિ સર્જાઈ હતી. તમામ ટ્રેન સેવા, લોકલ ટ્રેન સેવાને બંધ કરવાની ફરજ પડી હતી. મુંબઈની લાઈફલાઈન અટકી ગઈ હતી. કરોડો લોકો સામે મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. મુંબઈ મ્યુનિસિપલ કમિશનરે તમામ મ્યુનિસિપલ સ્કૂલોને બંધ રાખવાનો આદેશ કરી દીધોદ હતો. મુંબઈના મોટાભાગના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી જેના કારણે વાહનો ડુબી ગયા હતા. રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા હતા. શાંતાક્રૂઝમા મિલાન સબવે, ઘાટકોપર, અન્ય તમામ વિસ્તારોમાં મુશ્કેલી સર્જાઈ ગઈ હતી. કોંકણ રુટ ઉપર લાંબા અંતરની ટ્રેનો પણ ખોરવાઈ ગઈ હતી. વિમાની સેવાને પણ માઠી અસર થઈ હતી. થાણેમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. બેસ્ટની બસ સેવા ઠપ થઈ ગઈ હતી. ઓટો પણ ઉપલબ્ધ થઈ રહ્યા ન હતા. વાહનો પાણીમાં ડુબી જાય તેટલી હદ સુધી ચારેબાજુ પાણી ભરાયા હતા. જુહુ એરપોર્ટ ખાતે પણ પાણી ભરાયા હતા. મુંબઈમાં અતિ ભારે વરસાદના કારણે જીવજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. આજે સવારે ભારે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. બીએમસી દ્વારા એલર્ટ જારી કરીને લોકોને ઘરની અંદર રહેવા અને બાળકોને સ્કુલ નહી મોકલવા સુચના આપી હતી. નીચાણવાળા વિસ્તારો ભારે વરસાદના કારણે જળબંબાકાર થઈ ગયા હતા. સવારમાં લોકલ ટ્રેન સેવા પણ ટ્રેક પર પાણી ભરાઈ જવાના કારણે બંધ કરી દેવામાં આવી હતી. બીજી બાજુ મુંબઈ અને ગુજરાત તેમજ દિલ્હી તરફ જતી લાંબા અંતરની ટ્રેનોને પણ માઠી અસર થઈ હતી. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે મુંબઈ, દરિયાકાઠાના કોકણ અનો અન્ય તમામ વિસ્તારોમાં આગામી બે દિવસ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે. ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. વહેલી પરોઢે ભારે વરસાદ તુટી પડ્યો હતો. જેના પરિણામસ્વરૂપે હાર્બર લાઈન પર ટ્રેન સેવાને બંધ કરવાની તંત્રને ફરજ પડી હતી. જ્યારે છત્રપતિ શિવાજી અને કુર્લા વચ્ચે ટ્રેન સેવા જારી રહી હતી.

ભારે વરસાદના કારણે કેટલીક જગ્યાએ ટ્રાફિક સિગ્નલ તુટી પડ્યા હતા. જેથી અંધાધુંધી જોવા મળી હતી. પારેલ, માટુન્ગા જેવા નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતી સર્જાઈ હતી. બીજી બાજુ જે વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા તે વિસ્તારમાંથી પાણીનો નિકાલ લાવવા માટે ૧૦૦થી વધારે પંપ મુકવામાં આવ્યા છે. લોકો આજે સવારે જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા હતા. મુંબઈમાં હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી લોકોને કોઈ રાહત નહી મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે દિવસ દરમિયાન લોકોને રાહત નહી મળે તેવી શકયતા છે. મુંબઈ યુનિવર્સિટીએ પરીક્ષા રદ કરી છે.

**લોકોને ઘરમાં રહેવા, સ્કૂલો બંધ રાખવા સૂચના**

## ભારે વરસાદ બાદ ફડનવીસે પરિસ્થિતિની ઉંડી સમીક્ષા કરી

મુંબઈ,તા. ૧૯

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે પણ મુંબઈમાં અતિ ભારે વરસાદ થયા બાદ ઉભી થયેલી કટોકટીની સ્થિતિની સમીક્ષા કરી હતી. સાથે સાથે ટોચના અધિકારીઓ સાથે વાતચીત કરીને સમસ્યાને હળવી કરવાના પ્રયાસ કરવા કહ્યું હતું. બીજી બાજુ ભારે વરસાદના પરિણામ સ્વરુપે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કારણ કે ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડુબી ગયા હતા. મુખ્યમંત્રીએ ટોચના અધિકારીઓ સાથે વાતચીત કર્યા ઉપરાંત મ્યુનસિપલ કોર્પોરેશનના અધિકારીઓમાં પણ ભાગદોડ રહી હતી. મુંબઈ મ્યુનિસિપલ કમિશનરે તમામ મ્યુનિસિપલ સ્કૂલોને બંધ રાખવાનો આદેશ જારી કર્યો હતો. સાથે સાથે લોકોને ઘરની બહાર નહીં નિકળવા માટે પણ કહ્યું હતું. આ ઉપરાંત સાવધાની રાખવા પણ કહ્યું હતું. મુંબઈમાં ૧૫૦થી વધુ સ્કૂલો ઉપર નજર રાખનાર અને મેનેજમેન્ટ રાખનાર એબીઈ દ્વારા પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સ્કૂલો બંધ રાખવાનો આદેશ કર્યો હતો. મુંબઈમાં હજુ ભારે વરસાદની આગાહી હોવાથી લોકોને ઘરની અંદર રહેવા માટે કહેવામાં આવ્યું છે.



મુંબઈમાં જુદી જુદી જગ્યાઓએ ટ્રાફિક સિગ્નલ તુટી પડ્યા હતા. બેસ્ટની સેવા પણ ઠપ થઈ ગઈ હતી. ઓટો રિક્શા પણ ઉપલબ્ધ બન્યા ન હતા. કોલેજોમાં પરીક્ષા મોકૂફ કરવામાં આવી હતી. ઘણી જગ્યાએ ટ્રેકને પણ નુકસાન થયું છે. જળબંબાકાર થયેલા વિસ્તારોમાં પાણીનો નિકાલ લાવવા માટે પમ્પિંગની સેવા લેવામાં આવી હતી. જો કે, કેટલીક જગ્યાઓએ પમ્પિંગ મશીન પણ યોગ્ય રીતે કામ કરી રહ્યું ન હતું. પાંચ વિજ સબસ્ટેશનોને બંધ રાખવામાં આવ્યા હતા.

# મુંબઈ લઠ્ઠાકાંડ : મોત આંક વધી ૪૧

મુંબઈ, તા.૧૯

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં મલાડ ખાતે સર્જાયેલા લઠ્ઠાકાંડના બનાવમાં મોતનો આંકડો આજે વધીને ૪૧ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે ૨૧ લોકો હજુ સારવાર હેઠળ છે. જે પૈકી ૧૦થી વધુ લોકોની હાલત હજુ પણ ગંભીર બનેલી છે. જેથી મોતનો આંકડો હજુ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સમગ્ર મામલામાં લાપરવાહી રાખવા બદલ આઠ પોલીસઅધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામની પુછપરછ ચાલી રહી છે. બીજી બાજુ પોલીસે ગઈકાલથી ઉંડી તપાસ હાથ ધરીને દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. કેટલાક લોકોની પુછપરછ પણ કરવામાં આવી છે. જો કે કોઈ નક્કર કડી હજુ હાથ લાગી નથી.



પ્રાપ્ત અહેવાલ મુજબ ઝેરી શરાબનો શિકાર થયેલા અન્ય ૧૦ લોકોને મુંબઈની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઝેરી શરાબ પીવાનો મામલો મુંબઈમાં મલાડના માલવણી વિસ્તારમાં બન્યો હતો.

જુરાસિક પાર્કમાં ઝેરી શરાબનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. માલવણી વિસ્તારમાં સ્થિત જુરાસિક પાર્કમાં કેટલાક લોકોએ ઝેરી શરાબ પીધધા બાદ તેમને માઠી અસર થઈ હતી. તેમની આંખોમાં બળતરા અને પેટમાં દુખાવાની શરૂઆત થઈ હતી. ઝેરી શરાબ પીધા બાદ કેટલાક લોકો થોડાક સમયમાં જ બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કેટલાક લોકોને હોસ્પિટલ લઈ જવાઈ તે પહેલા જ મૃત જાહેર કરી દેવામાં આવ્યા હતા. જુદી જુદી હોસ્પિટલમાં આઈસીયુમાં રહેલા અન્ય ૧૫ પૈકી સાતની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મુંબઈ પોલીસની તપાસ હવે ક્રાઈમ બ્રાંચને સોંપી દેવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને ઝેરી શરાબ સેમ્પલ લઈને તપાસ હાથ ધરાઈ છે. રાજ્યમાં લઠ્ઠાકાંડ અને ઝેરી શરાબ ક્યાથી આવ્યો તેને લઈને તપાસ બાદ જ વિગત મળી શકશે. ઝેરી શરાબ પીનાર લોકોના નિવેદન લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. શરાબનો જથ્થો ક્યાથી ખરીદવામાં આવ્યો હતો તેમાં પણ તપાસ ચાલી રહી છે. લઠ્ઠાકાંડના બનાવથી ભારે ખળભળાટ મચી ગયો હતો. મૃત્યુઆંક વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

# જેલમાંથી સુબ્રતાની મુક્તિ માટે ઘણી શરત મુકી દીધી

નવીદિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે સહારાના વડા સુબ્રતા રોયની જેલમાંથી મુક્તિ માટે કઠોર શરતો લાગૂ કરી દીધી છે.સુપ્રીમ કોર્ટે રોકડમાં પાંચ હજાર કરોડ રૂપિયા અને આટલી જ રકમની બેંક ગેરંટી જમા કરવા જેલમાં રહેલા સુબ્રતા રોયને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કઠોર શરત લાગૂ કરી દીધી છે. રોયને હજુ જેલમાં જ રહેવું પડશે. કારણ કે, તેમના તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટમાં કહ્યું હતું કે, ૫૦૦૦ કરોડની બેંક ગેરંટી આપવાની બાબત ખુબ જ મુશ્કેલરુપ છે. કારણ કે, નાણાંકીય સંસ્થાઓ પૈકીની એક બહાર થઈ ચુકી છે. જસ્ટિસ ટીએસ ઠાકુર, એઆર દવે અને એકે સિકરીની બનેલી બેંચે આ આદેશ જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે, ચોક્કસ શરતોને સ્વીકારવા બેંક ગેરંટીની ફોર્મેટ અમે સ્વીકારી લીધી છે. ચોથી માર્ચ ૨૦૧૪ના દિવસથી ૬૫ વર્ષીય રોય તિહાર જેલમાં છે. કોર્ટે રોયને ૧૮ મહિનાની અંદર સેબીને ૩૬૦૦૦ કરોડ રૂપિયા આપવાનો આદેશ કર્યો હતો. મુક્તિની તારીખથી ૯ ઈન્સ્ટોલમેન્ટમાં આ રકમ આપવાનો આદેશ કરવામાં આવ્યો હતો. માર્કેટ રેગ્યુલેટર સેબીએ કેટલાક કઠોર આદેશો કર્યા છે. બેંચે એમ પણ કહ્યું છે કે, કોર્ટ સમક્ષ પાસપોર્ટને જમા કરવા માટે પમ કહેવામાં આવ્યું છે.કોર્ટની પ્રાથમિક પરવાનગી વગર દેશની બહાર તેઓ જઈ શકશે નહીં. તિલકમાર્ગ પોલીસ સ્ટેશનમાં રોયને પખવાડિયામાં હાજરી પણ આપવી પડશે. બેંચે જેલની અંદર રોયને આપવામાં આવેલી ઈન્ટરનેટ અને ટેલિફોન જેવી સુવિધા આ સપ્તાહ સુધી વધારવાની સૂચના આપી છે. ૧૪મી મેના દિવસે ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. ૩૧મી ઓગસ્ટ ૨૦૧૨ના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ગ્રુપને ડિપોઝિટરોને ત્રણ મહિનાની અંદર ૧૫ ટકા વ્યાજ સાથે ૨૪૦૦૦ કરોડ રૂપિયા ચુકવવાની જરૂર છે. સુબ્રતા રોયની મુશ્કેલી છેલ્લા ઘણા સમયથી ઓછી થઈ રહી નથી. તેમની તકલીફ વધી રહી છે. હજુ પણ તેમને જેલમાં રહેવાની ફરજ પડશે.

# લલિત મોદી વિવાદ : સુષ્મા અને વસુંધરાની મુશ્કેલી હજુ અકબંધ

જયપુર,તા. ૧૯

આઈપીએલના ભૂતપૂર્વ ચેરમેન લલિત મોદીની મદદ કરવાના મામલામાં રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે ઉપર હવે મોટુ સંકટ તોળાઈ રહ્યું છે. તેમની મુખ્યમંત્રીતરીકેની ખુરશી પણ ખતરામાં પડેલી છે. રાજેએ આજે પંજાબમાં આનંદપુર સાહીબની તેમની યાત્રાને રદ કરી દીધી હતી જ્યાં તેઓ નિર્ધારિત કાર્યક્રમ મુજબ ભાજપ પ્રમુખ અમિત શાહ અને ગૃહમંત્રી રાજનાથસિંહને મળનાર હતા. ટીવી અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે,આજે અસ્વસ્થ છે અને તેઓએ કાર્યક્રમમાં હાજરી નહીં આપવાનો નિર્ણય કર્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તેમની હકાલપટ્ટી કરવાનું દબાણ સતત વધી રહ્યું છે. રાજે અને ભાજપની લીડરશીપ વચ્ચે આ પ્રથમ વાતચીત રહી શકી હોત. ગઈકાલે પણ વાતચીતનો દોર જારી રહ્યો હતો. રસપ્રદ બાબત એ છે કે, સરકારના ભાજપના કેન્દ્રીય નેતાઓ પૈકી કોઈપણ નેતા વસુંધરાના બચાવમાં આગળ આવ્યા નથી. બુધવારના દિવસે વસુંધરા રાજેએ ફોન પર અમિત શાહ સાથે વાત કરી હતી અને લલિત મોદીને આવરી લેતા વિવાદના સંદર્ભમાં તેમની સાથે વાત કરી હતી. બીજી બાજુ કોંગ્રેસ દ્વારા આ મામલાને



હાલમાં જોરદારરીતે ચગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજની સાથે સાથે વસુંધરા રાજેના રાજીનામાની પણ માંગ થઈ રહી છે. વિપક્ષનું કહેવું છે કે, સત્તામાં રહેવાનો તેમને કોઈ અધિકાર નથી. મની લોન્ડરિંગ અને અન્ય ગંભીર પ્રકારના આક્ષેપોનો સામનો કરી રહેલા આઈપીએલના પૂર્વ ચેરમેનને મદદ કરવા બદલ વસુંધરા રાજે ભીંસમાં છે. બીજી બાજુવિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આજે મૌન જાળવી રાખ્યું હતું. લલિતમોદી મુદ્દા ઉપર રાજીનામાની અટકળ અંગે કોઈ ટિપ્પણી કરવાનો વસુંધરાએ ઈન્કાર કર્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોઅલ સહિત સરકારી અધિકારીઓએ કહ્યું હતુ કે, કોઈપણ પ્રશ્નનો જવાબ આપવાની બાબત જરૂરી દેખાઈ રહી નથી. બીજી બાજુ ભાજપ પ્રમુખ અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ મુદ્દે વાતચીત કરી છે. બંને નેતાઓએ સુષ્મા સ્વરાજ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેના રાજીનામા માટેની માંગણીનો સામનો કરવા ડેમેજ કન્ટ્રોલ કવાયત હાથ ધરી છે. આ બેઠક વડાપ્રધાનના આવાસ પર યોજાઈ હતી. શાહ સંઘના નેતાઓ સાથે પણ સંપર્કમાં દેખાઈ રહ્યા છે.

## ઉત્તરપ્રદેશમાં હોટલમાં આગ : ૧૩ લોકો ભડથું

પ્રતાપગઢ,તા. ૧૯

ઉત્તરપ્રદેશમાં એક હોટલમાં ભીષણ આગ ફાટી નિકળતા બે તબીબ અને એક પત્રકાર સહિત ૧૩ લોકો બળીને ભડથું થઈ ગયા છે જ્યારે અન્ય ૧૦ લોકો દાઝી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. બાબાગંજ વિસ્તારમાં કાવેરી હોટલમાં આગ ફાટી નિકળી હતી. આ બનાવ ગોયલ રેસીડેન્સી હોટલમાં વહેલી પરોઢે ૪.૩૦ વાગે આગ ફાટી નિકળ્યા બાદ બન્યો હતો. ચાર માળની ઈમારતમાં આગ ફાટી નિકળ્યા બાદ ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. ૧૦ લોકો ઘટનાસ્થળે જ બળીને ભડથું થઈ ગયા હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ અલ્હાબાદ જિલ્લામાં આવેલી હોસ્પિટલમાં સારવાર દરમિયાન અન્ય ત્રણ લોકોએ દમ તોડી દીધો હતો. રાજ્યના પાટનગર લખનૌથી આશરે ૧૭૦ કિલોમીટર અંતરે સ્થિત વિસ્તારમાં પ્રતાપગઢ સ્થિત છે. તમામ મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. હોટલને પણ આગમાં ભારે નુકસાન થયુંછે. મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં બસંત નારાયણ (૩૫) ઓમપ્રકાશ (૩૫), મનોજ શર્મા (૩૦), સત્યવ્રત(૪૦), બ્રજેશકુમાર (૩૨), દિલીપ (૨૨), પ્રિયંકા (૨૪), ખલીફ કિરમાણી (૫૦)નો સમાવેશ થાય છે.

## સેંસેક્સ ૨૦૦ પોઈન્ટ ઉછળી ૨૭૩૧૭ની ઉંચી સપાટી ઉપર

મુંબઇ,તા. ૧૯

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૦૦ પોઇન્ટ ઉછળીને ૨૭૩૧૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૦ પોઇન્ટ ઉછળીને ૮૨૨૫ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. માર્કેટ બ્રીડ્થ પણ મજબૂત રહી હતી. ૧૪૩૪ શેરમાં તેજી રહી હતી અને ૧૨૩૦ શેરમાં મંદી જોવા મળી હતી. સામાન્ય કરતા વધારે મોનસુનનું ચિત્ર ઉપસી રહ્યું છે. જેની સીધી અસર જોવા મળી હતી. આ ઉપરાંત ફુગાવાને કાબૂમાં લેવા માટે સરકાર દ્વારા ખરીફ પાક માટે લઘુત્તમ સમર્થન મૂલ્યમાં વધારો કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર પણ જોવા મળી હતી. મૂડીરોકાણકારો ભારે આશાસ્પદ દેખાઈ રહ્યા છે. બીએસઇ પાવર સિવાય તમામ સેક્ટરલ મોરચે તેજી જોવા મળી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલ અને રિયાલીટી ઇન્ડેક્સમાં સૌથી વધુ વધારો રહ્યો હતો. આઇટી, હેલ્થકેર, એફએમજીસી ઇન્ડેક્સમાં એક ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. એમ એન્ડ એમમાં ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. હીરો મોટો, મારુતી સુઝુકી, બજાજ ઓટોમાં ૦.૫-૨ ટકા વચ્ચેનો ઉછાળો રહ્યો હતો. કેટલાક શેરમાં ઘટાડો પણ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગઇકાલે કારોબારના અંતે સેંસેક્સ ૨૮૪ પોઇન્ટ ઉછળીને ૨૭૧૧૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૩ પોઇન્ટ ઉછળીને ૮૧૭૪ની સપાટીએ રહ્યો હતો.ગુરૂવારે બ્રોડરમાર્કેટમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૧.૦૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ગઇકાલે બીએસઇ ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સમાં સૌથી વધારે તેજી જોવા મળી હતી. તેમાં ૨.૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં હાલમાં જોરદાર તેજી જોવા મળી રહી છે. તેજી રહેવા માટે અનેક કારણોને જવાબદાર ગણવામાં આવે છે. આદિત્ય બિરલાના નેતૃત્વમાં હિન્ડાલ્કોના શેરમાં ૦.૫ ટકાનો ઉછાળો રહ્યો છે. સનટીવી નેટવર્કના શેરમાં આજે આઠ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

## કેજરીવાલ સાથે અડવાણીની મિટિંગ છેલ્લી ઘડીએ કેન્સલ

નવીદિલ્હી,તા. ૧૯

ભવિષ્યમાં ઈમરજન્સીની સ્થિતિ ઉભી થઈ શકે છે તેવી વાત કરીને ભાજપની મુશ્કેલી વધારી દેનાર વરિષ્ઠ નેતા એલકે અડવાણી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વચ્ચે આજે બેઠક થઈ શકી ન હતી. આ મિટિંગને મોકૂફ કરી દેવામાં આવી હતી. એવી અટકળો ચાલી રહી છે કે, ભાજપનો આ મિટિંગને રદ કરવામાં હાથ રહેલો છે. રસપ્રદ બાબત એ છે કે, કેજરીવાલ અન્ય વિરોધ પક્ષના નેતાઓની જેમ અડવાણીની દહેશતમાં સુર પુરાવી ચુક્યા છે. ભારતમાં ઈમરજન્સી લાદવાની દહેશત અડવાણીએ વ્યક્ત કરી હતી. કેજરીવાલ ભાજપના પીઢ નેતા સાથે મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કેજરીવાલની ઓફિસમાં રહેલા સૂત્રોએ કહ્યું છે કે, અડવાણીની ઓફિસને જાણ કરવામાં આવી હતી કે, તેઓ મળવા માંગે છે. બીજી બાજુ અડવાણીની ઓફિસ દ્વારા આવો ખુલાસો કરવામાં આવ્યો છે કે, અડવાણી અન્ય કેટલાક કામોમાં વ્યસ્ત છે જેથી નક્કી કરવામાં આવેલા સમય મુજબ મુખ્યમંત્રીને મળી શકશે. અડવાણીની ઓફિસે માહિતી આપતા કહ્યું છે કે, આ બેઠકનો કાર્યક્રમ આગામી સપ્તાહમાં ફરી વાર ઘડી કાઢવામાં આવશે. કેજરીવાલ પોતે પણ હાલ ભારે સંઘર્ષની સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

# એઆઈપીએમટી યોજવાની એક મહિનાની સીબીએસઈને મહેતલ

નવી દિલ્હી,તા. ૧૯

સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં વર્ષ ૨૦૧૫-૧૬ માટે મેડિકલ -ડેન્ટલ કોર્સ માટે ઓલ ઈન્ડિયા પ્રિ મેડિકલ એન્ડ ડેન્ટલ ટેસ્ટ યોજવા વધુ મહેતલ આપી હતી. સાથે સાથે ૧૭મી ઓગષ્ટ સુધી પરિણામ જાહેર કરવા માટે સીબીએસઈને આદેશ કર્યો હતો. સીબીએસઈ દ્વારા ગઈકાલની સુનાવણી દરમિયાન ચાર સપ્તાહના બદલે ત્રણ મહિનાની મહેતલની માંગ કરી હતી. અગાઉ કોર્ટે ૧૫મી જુલાઈ સુધી ફેર પરીક્ષા લેવા સીબીએસઈને આદેશ કર્યો હતો. આરકે અગ્રવાલની બનેલી બેંચે અગાઉ સીબીએસઈની ત્રણ મહિનાની મહેતલની માંગ કરતી અરજીને ફગાવી દીધી હતી. હવે બેંચે ઓગસ્ટના છેલ્લા સપ્તાહ સુધી એઆઈપીએમટીમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના પ્રથમ કાઉન્સિલિંગની પ્રક્રિયા પૂર્ણ કરવા એમસીઆઈને સૂચના આપી છે.આવી જ રીતે ચોથી સપ્ટેમ્બર સુધી બીજી કાઉન્સિલિંગ પૂર્ણ કરવા કહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટ ગઈકાલે વર્ષ ૨૦૧૫-૧૬ માટે ઓલ ઈન્ડિયા પ્રિ મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટ (એઆઈપીએમટી) ફરી યોજવા વધુ સમયની માંગ કરતી સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરવા સહમત થઈ ગઈ હતી. જેથી તમામની નજર તેના પર કેન્દ્રિત હતી. સીબીએસઈ દ્વારા સુપ્રીમ કોર્ટમાં ધારદાર દલીલો કરવામાં આવી હતી અને કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ મુજબ ચાર સપ્તાહમાં પરીક્ષા યોજવાની બાબત શક્ય દેખાતી નથી. નવેસરથી આ પરીક્ષા લેવા માટે ઓછામાં ઓછા ત્રણ મહિનાના સમયની જરૂર છે તેવી રજૂઆત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રિમ કોર્ટે ૧૫મી જૂનના દિવસે એક મોટો ફેંસલો આપતા એઆઈપીએમટી-૨૦૧૫ને રદ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે સાથે ચાર સપ્તાહમાં દેશભરમાં ફરી પરીક્ષા લેવાનો આદેશ કર્યો હતો. જુદા જુદા સેન્ટરો પર મોટા પાયે ગેરરિતી પરીક્ષા દરમિયાન સપાટી પર આવી હતી. સુપ્રીમના આદેશ બાદ હવે આશરે ૬.૩ લાખ વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા આપનાર છે. દેશભરમાં મેડિકલ કોલેજોમાં એમબીબીએસ કોર્સમાં પ્રવેશ માટે સીબીએસઈ દ્વારા આ પરીક્ષા લેવામાં આવે છે. અગાઉ આરકે અગ્રવાલ અને અમિતવા રોયની બનેલી બેંચે ચાર સપ્તાહની અંદર નવેસરથી ટેસ્ટ લેવા સીબીએસઈને આદેશ કર્યો હતો. પરીક્ષાવર્ગની અંદર ઘણા વિદ્યાર્થી ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પણ લઈ ગયા હતા. બહારથી આ ડિવાઈસ ઉપર તેમને તમામ પ્રશ્નોના જવાબ મળી ગયા હતા.સુપ્રીમ કોર્ટેમોટાપાયે ગેરરીતિ સર્જાયા બાદ ઓલઈન્ડિયા પ્રિ મેડિકલ ટેસ્ટનેરદ કરવાની માંગ કરતી અરજીઓ ઉપર તેનો ચુકાદો ૧૨મી જુનના દિવસે અનામત રાખ્યો હતો.

## પ્રકાશસિંહ બાદલ પણ સાથે રહ્યા : અમિત શાહ, રાજનાથ આનંદપુર સાહીબમાં



અમૃતસર, તા.૧૯

ભાજપ પ્રમુખ અમિત શાહ અને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ આજે આનંદપુર સાહીબ ખાતે પહોંચ્યા હતા. પવિત્ર શીખ શહેરની .૩૫૦મી વર્ષગાંઠના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તેઓ ભાગ લેવા પહોંચ્યા હતા. આનંદપુર સાહીબની વર્ષગાંઠ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા. બંને નેતાઓએ પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ સાથે એક મંચ ઉપર બેસીને ઘણી અટકળોને વેગ આપી દીધો છે.

હાલમાં પંજાબમાં અકાળી દળ સાથે ભાજપના સંબંધો ખરાબ થઈ રહ્યા હોવાના અહેવાલ મળી રહ્યા હતા પરંતુ આજની બેઠકથી આ અંગેની અટકળોનો અંત આવી ગયો છે.